# નગરજનોમાં સ્વાઈન ફ્લુનો ડર ડોકાયો

## શાળાઓમાં બાળકોને હાથ - પગ ધોવા સહિતનું માર્ગદર્શન અપાયું : બાળકોએ સ્વાઈન ફ્લુ વિરોધી સૂત્રોચ્ચાર કર્યા : ધાર્મિક કથાઓમાં પણ ઉકાળા પીવડાવાય છે : સાત વર્ષથી નીચેના બાળકોને અનેક વાલીઓએ શાળામાં મોકલવાનું ટાળ્યું

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર સહિત રાજ્યભરમાં ફેલાયેલ મહામારી સ્વાઈન ફ્લુના કારણે નગરજનોમાં ભારે ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. નગરની વિવિધ શૈક્ષણિક સંસ્થાો, સેવાભાવી સંસ્થાઓ અને રાજકીય પક્ષો દ્વારા સ્વાઈન ફ્લુ અંગે જાગૃતિ ફેલાવવા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યાં છે.

સેક્ટર-૨૩માં આવેલ કડી સર્વ વિદ્યાલય કેમ્પસની શાળાઓમાં બાળકોને સ્વાઈન ફ્લુ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ રોગથી બચવા બાળકોને સતત હાથ-મોં ધોવા તેમજ શરદી - ખાંસી - તાવના દર્દીઓથી દૂર રહેવા તાકીદ કરવામાં આવી હતી. આ શાળાઓમાં બાળકોએ સ્વાઈન ફ્લુ જાગૃતિ અંગેના સૂત્રો પણ પોકાર્યા હતા. આ ઉપરાંત ગાંધીનગર શહેર - જિલ્લા કોંગ્રેસ દ્વારા તાજેતરમાં પથિકાશ્રમ એસ.ટી. ડેપો ખાતે સરકારી આરોગ્ય તંત્રની સ્વાઈન ફ્લુ અંગે નિષ્ફળતાના વિરોધમાં દેખાવો કરી રાજ્યના આરોગ્ય મંત્રી નીતિનભાઈ પટેલના રાજીનામાની માંગણી કરવામાં આવી હતી.

છેલ્લાં બે-ત્રણ દિવસથી ગાંધીનગર સહિત સર્વત્ર લગ્નસરાની મોસમ પૂરબહારમાં ખીલી છે. આ લગ્ન સમારંભોમાં અનેક લોકોની ભીડમાં ડબલ ઋતુના કારણે શરદી - તાવ - ખાંસીના સામાન્ય દર્દીઓથી પણ સગા-સંબંધીઓ સુરક્ષિત અંતર રાખવાનું પસંદ કરતા હતા. લગ્ન સમારંભોમાં લોકો આ બિમારી અંગે ચર્ચાઓ કરતા અને બાળકોની સુરક્ષાની ચિંતા કરતા નજરે ચઢતા હતા. આ ચર્ચાઓમાં લોકો આ બિમારીથી બચવા દેશી ઈલાજો અને ઉપચારોના નુસ્ખા પણ એકબીજાને જણાવતા હતા. હાલ વોટ્સએપ જેવા સોશ્યલ મીડીયાના માધ્યમોમાં ફરી રહેલા કપૂર-એલચીનાં પાવડરની પોટલી સુંઘવાના ઉપાયો સહિતના નુસ્ખાની ભારે ચર્ચા જોવા મળી હતી.

નગરના આયુર્વેદિક દવાખાનાઓમાં સ્વાઈન ફ્લુથી બચવા ઉકાળો પીવડાવવામાં આવી રહ્યો છે. જેમ જેમ સ્વાઈન ફ્લુ અંગેના અહેવાલોમાં વધારો થતો જાય છે તેમ તેમ આ ઉકાળો પીવા લોકોની ભીડમાં પણ વધારો થતો જાય છે. આ ઉપરાંત નગરમાં સેક્ટર-૬માં ચાલી રહેલ શિવ મહાપુરાણ કથા જેવા ધાર્મિક કાર્યક્રમોમાં પણ ઉકાળો પીવડાવવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. જે આ બિમારી પ્રત્યે લોકોનો ડર વધી રહ્યો હોવાની નિશાની છે. સ્વાઈન ફ્લુને નાથવામાં સરકારી આરોગ્ય તંત્ર નબળું પૂરવાર થયું છે અને આ બિમારીથી બચવા જાતે જ ઉપાયો કરવા પડશે તેવી નગરજનોમાં અસર અને મત સ્પષ્ટ વર્તાઈ રહ્યો છે. ઘણા નગરજનોએ તો તેમના સાત વર્ષથી નાના બાળકોને શાળાએ મોકલવાનું જ બંધ કરી દીધું છે.



સંતશ્રી રોહીદાસ સેવા સમાજ ગાંધીનગર દ્વારા ૧૧મો સમૂહ લગ્નોત્સવ, સેક્ટર-૬, સંત રોહિદાસ સમાજભવન ખાતે યોજવામાં આવ્યો હતો. સમૂહ લગ્નોત્સવમાં ૩૨ યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. સમાજના આગેવાનો અને દાતાશ્રીઓ આ નવદંપતિઓને આશીર્વાદ આપ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

### રાંધેજા-વાસણિયા મહાદેવ માર્ગ પર

# અજાણ્યા વાહનની ટક્કરે રીક્ષાચાલક યુવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર નજીક રાંધેજા-વાસણીયા મહાદેવ માર્ગ પર ગઈ રાત્રે બેફામ ગતિએ જતા અજાણ્યા વાહને એક રીક્ષાને અડફેટે લઈ લેતા રીક્ષાચાલક યુવાનનું ઘટનાસ્થળે મૃત્યુ નિપજ્યું હતું. તો બીજી તરફ અકસ્માત બાદ આરોપી પોતાનું વાહન લઈને ફરાર થઈ ગયો હતો. પેથાપુર પોલીસે ગુનો દાખલ કરીને અજાણ્યા વાહનચાલક કોણ હતો તે અંગે ઝીણવટભરી તપાસ આરંભી છે.

અમદાવાદમાં સ્કૂલ વર્ધી મારતો ૪૧ વર્ષિય યુવાન કરણસિંહ બાબુજી ચાવડા ગઈકાલે સ્કૂલ વર્ધી માર્યા બાદ ગાંધીનગર નજીક વાસણીયા મહાદેવ ખાતે રહેતા તેના પિતરાઈ ભાઈ મહેન્દ્રસિંહ રતનસિંહ વાઘેલાને મળવા આવ્યો હતો. પિતરાઈ ભાઈને મળીને રાત્રે અગીયાર વાગ્યાના અરસામાં કરણસિંહ તેની રીક્ષા નં. જીજે-૧-સી.વાય.૧૯૧૮ લઈને અમદાવાદ તરફ જવા નિકળ્યો હતો. તે દરમ્યાન બેફામ ગતિએ આવતા અજાણ્યા વાહને તેની રીક્ષાને અડફેટે લઈ લીધી હતી. આ ઘટનામાં રીક્ષાચાલક કરણસિંહનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરૂ ઊડી ગયું હતું. જ્યારે અકસ્માત બાદ આરોપી તેનુ વાહન લઈને પળવારમાં રફુચક્કર થઈ ગયો હતો. પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળાએ ગુનો નોંધીને ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. અકસ્માતના સ્થળે વાહનના ટાયરની પડેલી છાપ જોતા આરોપી કોઈ ટ્રકચાલક હોવાની શંકા પોલીસે વ્યક્ત કરી છે. પોલીસે તે દિસામાં પણ ઊંડી તપાસ શરૂ કરી છે.

# નભોઈ કેનાલની બાજુમાંથી બિનવારસી મૃતદેહ મળ્યો

## ત્રણેક દિવસથી પડી રહેલો યુવાનનો મૃતદેહ ઈન્ફોસીટી પોલીસે પોસ્ટમોર્ટમમાં મોકલ્યો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર નજીક નભોઈ નર્મદા કેનાલની બાજુની ઝાડીઓમાં એક યુવાનનો મૃતદેહ બિનવારસી હાલતમાં પડ્યો હોવાની જાણ ઈન્ફોસીટી પોલીસને થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. અંદાજે ત્રણેક દિવસથી પડી રહીને કોહવાઈ ગયેલી હાલતમાં મળેલા મૃતદેહને પોલીસે પોસ્ટમોર્ટમ માટે મોકલી મૃત્યુનુ કારણ બહાર લાવવા તથા તેની ઓળખ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

નભોઈ નર્મદા કેનાલની પાસેની ઝાડીઓમાં એક બિનવારસી હાલતમાં વિકૃત થઈ ગયેલી આશરે ૪૦થી ૪૫ વર્ષના યુવાનનો મૃતદેહ આજે બપોરના અરસામાં મળી આવ્યો હતો. ઈન્ફોસીટી પોલીસને જાણ કરવામાં આવતા જમાદાર બળવંતસિંહ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહની ઓળખવિધિ માટે તપાસ કરતાં કોઈ ઓળખ થાય તેવા પુરાવા મળી આવ્યા ન હતા. બે થી ત્રણ દિવસથી પડી રહ્યો હોય તે હાલમતાં મૃતદેહ હતો. પોલીસે એફએસએલ બોલાવી મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી મૃતકનું કારણ બહાર લાવવા તથા મૃતકની ઓળખવિધિ અને વાલીવારસને શોધવા તપાસ આરંભી છે.

### સેક્ટર-૧ સમદર્શન આશ્રમ ખાતે શિવરાત્રી નિમિત્તે પૂજા

સમદર્શન આશ્રમ સેક્ટર-૧ ખાતે મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે તા. ૧૭-૨-૧૫ને મંગળવારે સવારે ૬.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી પંચાક્ષર મંત્ર જાપ કરવામાં આવશે. ત્યારબાદ શ્રી કૃપાનિધિ મહાદેવની ષોડશ ઉપચાર પૂજા પૂજ્ય ગુરૂમા દ્વારા કરવામાં આવશે. જેમાં શિવજીનો રૂદ્રાભિષેક અને સહસ્ત્રનામ અર્ચના તથા વેદોક્ત મંત્રોચ્ચાર સાથે પૂજા કરવામાં આવશે.

### જેસીઆઈના હોદ્દેદારો નિમાયા

જેસીઆઈ ગાંધીનગરના વર્ષ-૨૦૧૫-૧૬ માટે ઝોનના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. જેમાં પ્રમુખ તરીકે કેતન ભાવસાર, ઉપપ્રમુખ તરીકે સાત્વીક ત્રિવેદી અને ટ્રેઝરર તરીકે અભય શાહની વરણી કરવામાં આવી છે.


# સેક્ટર-૬ શિવમહાપુરાણ કથામાં વૃદ્ધાના ગળામાંથી ચેઈન સ્નેચીંગ

## સ્વાઈન ફ્લુના ઉકાળાના વિતરણ દરમિયાન મહિલા કક્ષમાં મહિલા ચેઈન સ્નેચરે બે તોલાનો દોરો ખેંચી લીધો

ગાંધીનગર, તા. ૧૫

શહેરના સેક્ટર-૬ મેદાનમાં ચાલતી શિવ મહાપુરાણ કથામાં આજે સમી સાંજે સ્વાઈન ફ્લુથી બચવા ઉકાળો પીવડાવવામાં આવી રહ્યો હતો ત્યારે મહિલા કક્ષમાં એક વૃદ્ધના ગળામાંથી કોઈ મહિલા ચેઈનસ્નેચરે બે તોલાનો સોનાનો દોરો આંચકી લીધો હોવાની ઘટના બનવા પામતા ચકચાર મચી જવા પામી છે. વૃદ્ધાએ પોલીસ ફરીયાદ કરવા માટે કવાયત શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગરના સેક્ટર-૬ મેદાન ખાતે શ્રી કનૈયાલાલ પંડ્યાની વ્યાસપીઠે શિવમહાપુરાણ કથાનું આયોજન થયેલુ છે. આ કથાને અંતે દરરોજ ભક્તોને સ્વાઈન ફ્લુથી બચવા માટેનો ઉકાળો આપવામાં આવે છે. આજે પણ મહિલા કક્ષ અને પુરૂષ કક્ષમાં ઉકાળાનું વિતરણ ચાલી રહ્યું હતું, ત્યારે મહિલા કક્ષમાં એક વૃદ્ધાના ગળામાં હાથ મારી કોઈ મહિલા ચેઈન સ્નેચરે સોનાનો બે તોલા વજનનો દોરો ખેંચી લીધો હતો અને ત્યાથી મહિલા ચેઈન સ્નેચર રફુચક્કર થઈ ગઈ હતી. વૃદ્ધાએ બુમાબુમ કરી પરંતુ મહિલાઓની ભીડમાં કોણ કળા કરી ગયું તે બહાર આવ્યું ન હતુ. વૃદ્ધાએ આ બનાવ અંગે પોલીસમથકે ફરીયાદ આપવા માટેની તજવીજ શરૂ કરી છે.



શહેરમાં ખુલ્લા રસ્તાઆને કારણે બેરોકટોક ગતિથી ચાલતા વાહનોને અકસ્માતો અવારનવાર થતા રહે છે. ગઈકાલે સવારે સિવિલ હોસ્પિટલના દરવાજા પાસે 'ઘ' રોડ પર અચાનક જ એક બાઈક સવાર સ્લીપ થઈ ગયો હતો. તુરત જ આજુબાજુથી રાહદારીઓ દોડી આવ્યા અને એક તરફ લઈ ગયા. સદ્નસીબે બાઈકચાલકને ઈજાઓ નથી થઈ, પરંતુ ગતિ નિયંત્રણ તો જરૂરી છે જ. (તસવીર : કશ્યપ નીમાવત)

### જુસીકાએ ચક્ષુદાન મેળવ્યું

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર સ્થિત સહજાનંદ સીટી ખાતે રહેતા સમીરભાઈ જશવંતભાઈ પટેલનું ૩૫ વર્ષે અવસાન થયું છે. સ્વર્ગસ્થના સ્વજન અમીતભાઈ પટેલની મંજુરીથી જુનિયર સિટીજન કાઉન્સિલ દ્વારા સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું છે. આ પ્રસંગે ડૉ. મિતુલ પટેલ જુસીકાના કાર્યકર રાજુ વાઘેલા અને દિલીપ દંતાણીએ સેવા આપી હતી.

### રવિશંકર મહારાજના જન્મ દિવસ નિમિત્તે પુષ્પાંજલીનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૫

આગામી તા. ૧૭ ફેબ્રુઆરીના રોજ રવિશંકર મહારાજના જન્મ દિવસ નિમિત્તે ઘ-૫ સર્કલમાં સ્થિત તેમની પ્રતિમાના સ્થળે સવારે ૧૦.૦૦ કલાકે પુષ્પાંજલીનો કાર્યક્રમ યોજવામાં આવશે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે જણાવ્યા મુજબ રવિશંકરના જન્મ દિવસને અનુલક્ષી નગરની સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પૂ. રવિશંકરજીની પ્રતિમાની સફાઈ કરી તેમને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવશે. આ પ્રસંગે નગરજનોને સહભાગી થવા અપીલ પણ કરવામાં આવી છે.



### ગાંધીનગરમાં સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ ફેસ્ટિવલનો પ્રારંભ

સ્પોર્ટ્સ ઓફ ઈન્ડિયા દ્વારા ગાંધીનગરના સેક્ટર-૧૧, ચ-૩ પાસે ૧૫ થી ૨૧ ફેબ્રુઆરી દરમિયાન ૧૫માં વાર્ષિક સરદાર પટેલ વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ ફેસ્ટિવલની શરૂઆત કરવામાં આવી છે જેમાં વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. સેક્ટર-૧૧, ચ-૩ સર્કલ નજીક યોજાઈ રહેલ ૧૫માં વાર્ષિક સરદાર પટેલ સ્પોર્ટ્સ ફેસ્ટિવલના ઉદ્ઘાટન સમારંભમાં ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાણા, ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરુષોત્તમ રૂપાલા, પૂર્વ ગૃહમંત્રી ગોરધન ઝડફિયા, મ્યુઝિક ડાયરેક્ટર શ્રવણકુમાર રાઠોડ અને ધારાસભ્ય અશોકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સ્પોર્ટ્સ ઓફ ઈન્ડિયાનો મુખ્ય હેતુ વોલીબોલ, ક્રિકેટ, ખો-ખો, બેડમિન્ટન, હૉકી વગેરે રમતોને એક મંચ પૂરો પાડવાનો છે અને યુવાનોમાં રહેલી પ્રતિભાને બહાર લાવવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેમાં ૧૭૦ જેટલી ટીમો ભાગ લઈ રહી છે તેમ રાકેશ પાંડેએ જણાવ્યું હતું.

### લીંબડીયા પંચેશ્વર મહાદેવ મંદિરે મહાશિવરાત્રીનો મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

ચિલોડા - નરોડા હાઈવે પર આવેલ શ્રી પંચેશ્વર મહાદેવજી મંદિરે મહાશિવરાત્રીના રોજ લોકમેળો અને વિવિધ કાર્યક્રમો યોજાશે.

શ્રી પંચેશ્વર મહાદેવના આદ્ય સ્થાપક સ્વ. ભગવતદાદાની યાદમાં પંચેશ્વર મહાદેવ કાતે ૩૭મો મહાવશિવરાત્રીનો મેળો યોજાશે. દિવસ દરમિયાન પંચેશ્વર ભગવાનની સવારમાં આરતી, રુદ્ર યજ્ઞના દર્શન થશે તેમજ બપોરે ૧૨ વાગ્યાથી ભૂપેન્દ્રભાઈ સાધુ કલ્યાણ કલાવૃંદ સાથી કલાકારો દ્વારા સંતવાણી અને ડાયરાની મોજ કરાવશે. મંદિર પરિસર ખાતે વિનામૂલ્યે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે.

# આજથી ડભોડા ખાતે અખંડાનંદ આયુર્વેદ કૉલેજની એનએસએસ શિબિર યોજાશે

## ગુરુવારે નિઃશુલ્ક નિદાન-ચિકિત્સા કેમ્પ યોજાશે : સ્વચ્છતા અભિયાન, આરોગ્ય સર્વેક્ષણ, રક્તદાન શિબિર, એઈડ્સ - થેલેસેમીયા જાગૃતિ તેમજ બેટી વધાવો કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર તાલુકાના ડભોડા ખાતે અમદાવાદની સરકારી અખંડાનંદ આયુર્વેદ મહા વિદ્યાલય દ્વારા એનએસએસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પનું ઉદ્ઘાટન તા. ૧૬મી ફેબ્રુઆરીએ ડભોડીયા હનુમાનજીના મંદિરે બપોરે ૩ વાગે ગાંધીનગરની ભારતીય તબીબી અને હોમિયોપેથી કચેરીના નિયામક ડૉ. આર. કે. દેસાઈના હસ્તે કરવામાં આવશે. આ શિબિર દરમિયાન તા. ૧૯મી ફેબ્રુઆરી ગુરુવારે સવારે ૯ થી ૧ વાગ્યા દરમિયાન નિઃશુલ્ક નિદાન ચિકિત્સા કેમ્પ યોજાશે જેનું ઉદ્ઘાટન ડૉ. ડી. કે. શાહના હસ્તે કરવામાં આવશે.

આ એનએસએસ શિબિર તા. ૧૭થી ૨૧ ફેબ્રુઆરી છ દિવસ માટે યોજવામાં આવી છે. જેમાં સ્વચ્છતા અભિયાન, આરોગ્યલક્ષી સૂત્રોચ્ચાર, ગ્રામ્ય કુટુંબ, આરોગ્ય સર્વેક્ષણ, પ્રકૃતિ પરીક્ષણ, રક્તદાન શિબિર, થેલેસેમિયા અને એઈડ્સ જાગૃતિ જેવા કાર્યક્રમો સાથે યોગાભ્યાસ અને નિસર્ગોપચાર અંગે પણ માર્ગદર્શન આપવામાં આવશે. યોગાભ્યાસ અંગે ડૉ. ફાલ્ગુનભાઈ પટેલ તથા યોગ શિક્ષક યોગેશ મહેતા માર્ગદર્શન આપશે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૪

સૂર્યાસ્ત : ૬.૩૬

### તાપમાન

મહત્તમ : ૩૪.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૫.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૪૩ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્કીન-૧ :

રોય : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્કીન-૨ :

રોય : ૧૨.૦૦, ૯.૦૦

બેબી : ૩.૦૦, ૬.૦૦

સ્કીન-૩ :

એમઓજી : ૧૧.૩૦, ૨.૦૦, ૬.૦૦, ૯.૩૦

**સિટીપલ્સ**

: સ્કીન-૨ :

રોય : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્કીન-૩ :

રોય : ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

સ્કીન-૪ :

એમ.એસ.જી : ૧૨.૩૫

મીતવા(મરાઠી) : ૪.૦૦

ટેમ્પર (તેલુગુ) : ૭.૦૦

બેબી : ૧૦.૦૦

સ્કીન-૫ :

રોય : ૧૦.૦૦

ષમિતાભ : ૩.૪૫

ખામોશીયાં : ૬.૪૫, ૧૦.૦૦

સ્કીન-૫ :

રોય : ૧૦.૦૦

ષમિતાભ : ૧૨.૪૫

બેબી : ૧૦.૦૦

**સિનેમેક્સ**

: સ્કીન-૧ :

રોય : ૮.૧૫, ૧૧.૨૫, ૯.૨૦

ષમિતાભ : ૨.૪૦

એમ.એસ.જી : ૫.૫૦

સ્કીન-૨ :

રોય : ૯.૪૦, ૧૨.૨૦, ૪.૦૦, ૭.૧૦, ૧૦.૨૦

સ્કીન-૩ :

એમ.એસ.જી : ૮.૪૦,

રોય : ૧૨.૧૦, ૩.૨૦

બેબી : ૬.૩૦

ષમિતાભ : ૯.૪૫

સ્કીન-૪ :

એમ.એસ.જી : ૮.૦૦, ૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

### આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

### ચિરવિદાય

- બાલુબેન મણાજી ઠાકોર (૭૦ વર્ષ) મુ. ધોળાકૂવા, તા. માણસા, જિ. ગાંધીનગર
- ગજરાબા ભિખુજી મકવાણા (૧૦૦ વર્ષ) આદીવાડા, સે-૨૮, ગાંધીનગર